# ડિજીટલ ગુજરાત પોર્ટલ

Website : https://www.digitalgujarat.gov.in

DIGITAL GUJARAT PORTAL માં હાલ વિકસતી જાતિ (Director Developing Caste Welfare) S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSES ના વિદ્યાર્થીઓ માટેની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ ગણવેશ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે . અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ ગણવેશ સહાય યોજનાઓનો અમલ DIGITAL GUJARAT PORTAL પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં S.E.B.C., E.B.C, MINORITY, NTDNT, MOST BACKWORD CLASSES ના વિદ્યાર્થીઓ માટે અમલ કરવાનો થાય છે.

## શાળાએ ઓનલાઈન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા :

૧. ઓનલાઇન દરખાસ્ત https:/www.digitalgujarat.gov.in મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/ Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE code તેઓનો યુઝર આઈ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે)




૩. શાળા સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઈ કરવાની રહે છે. એટલે કે જો કોઈ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે. જો કોઈ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.

૪. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દીધેલ હોય.

૫. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનું નામ, બેંક બાન્ચનું નામ, IFsc code ની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો. ચાલુ વર્ષે અમુક બેંકો નુ મર્ડર થયેલ હોવાથી વિધ્યાર્થીઓની ઓનલાઈન પ્રપોઝલ મોકલતા પહેલા સંબધીત ખાતાની બેંક ખાતાની વિગતો અદ્યતન કર્યા પછી જ પ્રપોઝલ મોકલવાની રહેશે.

૬. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ વિદ્યાર્થીખોના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. (ધો. ૯ અને ૧૦ માટે વિગતો આપવી ફરજિયાત છે, ધો. ૧ થી ૮ ફરજીયાત નથી). તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ એવા વિદ્યાર્થીની વિગતો EDIT કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૭. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૮. જે વિદ્યાર્થીઓની ઉમર ૧૦ વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધાર નંબરની મદદથી Postal Payment Bank માં '0' ઝીરો બેલેન્સથી તાત્કાલિક ખાતુ ખોલાવવા અંગેની કાર્યાવાહી કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૦. ચાલુ વર્ષે જો કોઈ વિદ્યાર્થીઓને Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility → Update Payment Failed Student Account મેનુ પર ક્લિક કરવાથી જોઈ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ/ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને "consent for Reactivated Dormat/Freeze/Inactive Account બટન પર કિલક કરી જોઈ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઈ ગયેલ હોય તો "Update Bank Account (If Account/IFSC code Wrong)" બટન પર કલીક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તુર્તજ વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી સુધારી દિન-૨ માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઈન મોકલી આપવાની રહેશે.

૧૧. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ ત્રણ વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે. સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી student Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી જો કોઇ વિદ્યાર્થીનુ બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા-વાલીના બેંક ખાતાની વિગત Entry કરતી વખતે નાખવાની રહેશે.

૧૨. જે અમુક શાળાઓમાં ધો ૧ થી ૪, ધો ૫ થી ૮, ધો ૯ થી ૧૦, ધો.૧૧-૧૨ની શાળા અલગ અલગ ચાલતી હોય અને તમામના ડાયસ કોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની school category સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેશન કરાવી લેવાનું રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "school category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૩. જો કોઇ શાળા વિદ્યાર્થીની એન્ટ્રી કરતા હોય અને 'No Data Found From SSA Server' એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એન્ટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION